# અંતરાત્માની અને આધ્યાત્મિક કેળવણી

## શ્રી માતાજી



*Supplement*

*to*

*15th January, 2015 issue of*

**The Sunlit Path**

**Sri Aurobindo Chair of Integral Studies**

**Sardar Patel University**

**Vallabh Vidyanagar**

**Gujarat, India**

**Volume 7** **Issue 64**

**દરેક મનુષ્યની અંદર**, તેના સામાન્ય જીવનમાં વ્યક્ત થતી ચેતના કરતાં પણ એક વિશેષ મહાન ચેતનાની શક્યતા ગુપ્ત રીતે આવી રહેલી હોય છે. એ બૃહત ચેતના દ્વારા માણસ એક વધુ ઉચ્ચ અને વધુ વિશાળ જીવનની અંદર ભાગ લેતો થઈ શકે છે. અને હકીકત પણ એવી છે કે, જગતની અંદર જે જે અસાધારણ વ્યક્તિઓ થયેલી છે તેમના જીવનમાં આ બૃહત્ ચેતના જ હમેશાં મુખ્ય ભાગ ભજવતી હોય છે. તેમના જીવનનું નિયંત્રણ એ ચેતના જ કરતી હોય છે, તેમ જ તેમના જીવનની જે પરિસ્થિતિ હોય છે અને એ પરિસ્થિતિ પ્રત્યે તે વ્યક્તિઓ જે પ્રત્યાઘાત આપતી હોય છે તેનું નિર્માણ પણ એ જ ચેતના કરતી રહે છે.

માનવનું મન સામાન્ય રીતે જે વસ્તુઓ જાણતું નથી હોતું તેમ જ કરી શકતું નથી હોતું તે વસ્તુઓ આ ચેતના જાણતી હોય છે અને કરી શકતી હોય છે. એ ચેતના જાણે કે એક જ્યોતિની માફક આપણા સ્વરૂપના કેન્દ્રની અંદર બેઠેલી છે અને આપણી બાહ્ય ચેતનાનાં ગાઢ આવરણ ભેદીને તે પોતાનો પ્રકાશ રેલાવતી રહે છે. કેટલાક માણસોને આ ચેતનાની હાજરીનો ઝાંખોપાંખો ખ્યાલ હોય છે પણ ખરો. ઘણાંએક બાળકો પણ આ ચેતનાના પ્રભાવ હેઠળ આવી રહેલાં હોય છે. એ બાળકો કુદરતી રીતે જે વર્તન કરતાં હોય છે તેમાં, તેમ જ તેમના શબ્દોમાં પણ એ ચેતના કેટલીક વાર બહુ સ્પષ્ટ રીતે પ્રગટ થતી દેખાય છે. દુઃખની વાત એ છે કે માબાપોને આ વસ્તુ વિષે કશું જ જ્ઞાન નથી હોતું. પોતાનાં બાળકોની અંદર શું થઈ રહેલું છે તેની તેમને કશી જ સમજ નથી હોતી, અને તેથી બાળકોના આવા વિલક્ષણ વર્તનને તેઓ આનંદપૂર્વક ઝીલી શકતાં નથી. તેઓ બાળકને જે કાંઈ કેળવણી આપે છે તેમાં તેઓ બાળકને આ અસાધારણ વસ્તુ પ્રત્યે બને તેટલું અભાન જ બનાવી મૂકે છે. આ કેળવણી બાળકનું બધું ધ્યાન બાહ્ય વસ્તુઓ ઉપર જ એકાગ્ર કરે છે અને એ રીતે બાળકની અંદર એક એવી તો ટેવ પાડે છે કે જેથી બાળક કેવળ એ બાહ્ય વસ્તુઓને જ અગત્યની ગણવા લાગે છે. બાહ્ય વસ્તુઓ ઉપર ધ્યાન એકાગ્ર કરવામાં આવે એમાં ખોટું તો કશું જ નથી. એ પણ એક ઘણી ઉપયોગી વસ્તુ છે. પરંતુ તે કાર્ય પણ સાચી રીતે કરવાનું રહે છે.

આપણે ઉપર શરીર, પ્રાણ અને મનની જે ત્રિવિધ કેળવણીનો વિચાર કરી ગયા એને વિષે એમ કહી શકાય કે એ કેળવણી બાળકના વ્યક્તિત્વનું નિર્માણ કરવા માટેની એક સામગ્રી પૂરી પાડે છે, વ્યક્તિને તે તેના અવચેતન તત્ત્વના કશા ઘાટઘૂટ વિનાની અવસ્થામાંથી ઊંચે ઉઠાવે છે અને તેને એક સુરેખ આકારવાળો આત્મ-જ્ઞાનયુક્ત માનવ બનાવી આપે છે. અંતરાત્માની કેળવણીમાં હવે આપણી સમક્ષ એક નવો વિષય આવીને ઊભો રહે છે. જીવનનું સાચું લક્ષ્ય શું હોઈ શકે, પૃથ્વી ઉપર આપણી હસ્તી થયેલી છે તેનું પ્રયોજન શું હશે, આ જીવનમાં આગળ જતાં જતાં આપણને કઈ વસ્તુ જડી આવશે, એ તત્ત્વ જડવાને અંતે તેનાં શાં શાં પરિણામ આવશે, અને તેને અંતે વ્યક્તિ છેવટે પોતાના શાશ્વત તત્ત્વને પોતાનું કેવું તો સમર્પણ કરશે આવા આવા પ્રશ્નો હવે આપણા વિચારનો અને સંશોધનનો વિષય બની રહે છે. જીવનના આ શાશ્વત તત્ત્વની સાધના સાથે સામાન્ય રીતે એક ગુહ્ય રહસ્યનો ભાવ, ધાર્મિકતાનો ભાવ જોડાયેલો રહેલો છે. પરંતુ આ તત્ત્વનું સંશોધન આ રીતે જ થવું જોઈએ એવું કાંઈ નથી. પરમાત્મા વિષેની જે ગૂઢ રહસ્યમય ભાવના છે તેને સ્થાને આપણે સત્ય વિષેની એક વધુ દાર્શનિક પ્રકારની તત્ત્વ પ્રધાન વિચારણાનો આશ્રય લઈ શકીએ

છીએ અને એમ કરીશું તોપણ આપણને એ રીતે જે તત્ત્વ પ્રાપ્ત થશે તે તેના અસલ રૂપે તો તેનું તે જ હશે. આ પદ્ધતિમાં વિશેષ લાભ એ રહેલો છે કે ગમે તેવો કટ્ટર વાસ્તવવાદી પણ આ પદ્ધતિને અજમાવી શકે છે. આપણે જ્યારે આંતર જીવનની રચના કરવાનું કાર્ય હાથ લઈએ છીએ ત્યારે તેમાં માનસિક ખ્યાલોનુ તેમ જ વિચારોનું મહત્ત્વ બહુ ગૌણ બની જાય છે. આ આંતર જીવનમાં જે ખરી મહત્ત્વની વસ્તુ છે તે તો અનુભૂતિ છે, આપણે એ આંતર તત્ત્વની અનુભૂતિમાં પહોંચવાનું છે, એની અનુભૂતિને જીવનમાં સક્રિય કરવાની છે. આ અનુભૂતિ આપણને પ્રાપ્ત થાય તે સમયે, યા તો તે પૂર્વે કે તે પછી આપણે ભલે ગમે તે તત્ત્વસિદ્ધાંત કે વાદનો આશ્રય લઈએ, પરંતુ આ અનુભૂતિમાં આ બધા વાદથી તદ્દન સ્વતંત્ર એવી એક તેની આગવી વાસ્તવિકતા, એક આગવી શક્તિ રહેલી છે, આનું કારણ એ છે કે આ રીતના બધા સિદ્ધાંતો અને વાદો એ તો એક પ્રકારના માત્ર ખુલાસા જ છે, અને આપણે કંઈક જાણીએ છીએ એ રીતનો એક વત્તો ઓછો ભ્રમ આપણી અંદર ઊભો કરવા માટે જ આપણે તેનો આશ્રય લઈએ છીએ. માણસ પોતે જે કોઈ આદર્શની યા તો પરમ તત્ત્વની શોધ માટે નીકળે છે તેને તે જુદાં જુદાં નામોના અંચળ ઓઢાડે છે. તે જે પરિસ્થિતિમાં જન્મેલો હોય છે, તેને જે રીતની કેળવણી મળેલી હોય છે તે અનુસાર તે આ બધાં નામો પાડે છે. પરંતુ આ બધાં ભિન્ન ભિન્ન નામોનો આશ્રય લેવા છતાં માણસને જે અનુભૂતિ થાય છે, તે જો સાચા પ્રકારની હોય છે તો સર્વત્ર તે તત્ત્વ રૂપે તો એકસરખી જ હોય છે. એ અનુભૂતિને પછી જે શબ્દો દ્વારા કે વાણી દ્વારા રજૂ કરવામાં આવે છે તેમાં જ માત્ર ભેદ બની આવે છે. વાણીના અને શબ્દોના આ ભેદો વ્યક્તિને જે રીતની કેળવણી મળી હોય છે, તેમ જ તેની જે માન્યતાઓ બંધાયેલી હોય છે તે અનુસાર સરજાય છે. આ આંતર અનુભૂતિને જે શબ્દદેહ આપવામાં આવે છે તે તો મૂળ તત્ત્વની કંઈક નજીક જતો તે વિષેનો કાંઈક ઈશારો જ હોય છે. એમાં આપણે માત્ર એટલી જ અપેક્ષા રાખવાની રહે છે કે અનુભૂતિ પોતે જેમ જેમ વધુ ચોક્કસ રૂપ લેતી જાય, તે જેમ જેમ વધુ સમન્વય રૂપ બનતી જાય છે તેમ તેમ તેનો આ વાગ્દેહ પણ તેની સાથે સાથે પ્રગતિ કરતો રહે અને વિશેષ સમૃદ્ધ થતો રહે. આમ છતાં, આપણે જ્યારે આ અંતરાત્માની કેળવણીની એક સામાન્ય રૂપરેખા આપવા નીકળ્યાં છીએ તો પછી આ અંતરાત્મા તે શું છે તે વિશે આપણે, ભલે એક સાપેક્ષ રીતનો પણ કંઈક ખ્યાલ તો મેળવવાનો રહે છે જ. તો અંતરાત્માને વિષે આપણે કંઈક આ પ્રમાણે કહી શકીએ. આ વિશ્વમાં વ્યક્તિનું જે સર્જન થયેલું છે તે વિશ્વના આદિ મૂળમાં રહેલા એક પરમ તત્ત્વનો જ આવિર્ભાવ છે. આ અખિલ વિશ્વના આવિર્ભાવના મૂળમાં રહેલા તે પરમ તત્ત્વમાં અનેક પ્રકારની શક્યતાઓ ગૂઢરૂપે રહેલી હતી. એ શક્યતાઓમાંની એક શક્યતા કાલ અને સ્થલની અંદર પ્રક્ષેપ પામી, તેણે પછી એક અદ્વૈત રૂપ વિશ્વ-ચેતનાનું રૂપ લીધું, અને તે વિશ્વ-ચેતના મારફતે તે આદિ તત્ત્વ વ્યક્તિ રૂપે પ્રગટ થયું, તે એક વ્યક્તિના સત્ય રૂપે, વ્યક્તિના ધર્મરૂપે મૂર્ત થયું, અને એવા વ્યક્તિ રૂપમાંથી આગળ વૃદ્ધિ પામતાં પામતાં ક્રમે ક્રમે તેણે વ્યક્તિના આત્મા તરીકેનું યા તો ચૈત્ય પુરુષનું - અંતરાત્માનું રૂપ ધારણ કર્યું.

બેશક, અહીં આજે નાનકડું વર્ણન હું આપું છું. તેમાં વસ્તુસ્થિતિનું સંપૂર્ણ નિરૂપણ આવી જાય છે, આ બાબતમાં હવે કાંઈ કહેવાનું રહેતું નથી એમ તો નથી જ. આ માત્ર એક વ્યવહારુ ઉપયોગ માટેની સાર રૂપ સમજૂતી છે, આપણે જે વિષય હાથ લીધો છે તેની વિચારણામાં આપણને આધાર મળી રહે તેટલા પૂરતી જ વસ્તુ અહીં કહી છે.

માણસને તેના જીવનમાં પોતાની અંદર આવી રહેલા ગૂઢ સત્યનો સંગમ અંતરાત્મા કરાવી આપે છે. ઘણાખરા માણસોની બાબતમાં અંતરાત્મા કહો કે પડદા પાછળ રહીને, તેમનાથી અજાણ્યો અને અણપ્રીછ્યો રહીને જ કામ કરે છે. પરંતુ કેટલીક બાબતમાં એની હાજરી દેખી શકાય તેવી હોય છે, તેનું કાર્ય સમજી શકાય તેવું હોય છે. વળી આવા માણસોમાં પણ અમુક માણસો પાછા એવા હોય છે જેમનામાં તો એ અંતરાત્મા બહુ જ સ્પષ્ટ રીતે જોઈ શકાય તેવો હોય છે, તેમ જ તેનું કાર્ય પૂરેપૂરું અસરકારક હોય છે. આવા પુરુષો પોતાના જીવનમાં એક દૃઢ વિશ્વાસપૂર્વક આગળ વધ્યે જાય છે. પોતાનું ભાવિ તેઓ પોતે જ ઘડી શકે છે, પોતે જ પોતાના ભાગ્યવિધાતા બની શકે છે. અંતરાત્મામાંથી પ્રાપ્ત થતું આ પ્રભુત્વ આપણે મેળવી શકીએ, તેની હાજરી વિષે આપણે જાગૃત થઈ શકીએ એટલા માટે જ આ અંતરાત્માની કેળવણીની આવશ્યકતા રહે છે.

આ કેળવણી માટે એક વસ્તુ ખાસ અગત્યની છે. એ છે વ્યક્તિનો પોતાનો અંગત સંકલ્પ. અત્યાર સુધી એમ બનતું આવેલું છે કે કેળવણીના એક વિષય તરીકે અંતરાત્માનો સ્વીકાર કદી થયેલો નથી. અંતરાત્માને પ્રાપ્ત કરવો, તેની સાથે તાદાત્મ્ય સિદ્ધ કરવું, એ વિષય કેળવણીની અંદર હજી સુધી આવેલો નથી. હા, આ વિષય પરત્વે કેટલાક ખાસ ગ્રંથોમાં ઉપયોગી તેમ જ વ્યવહારુ સૂચનાઓ મળી આવે છે ખરી, વળી કેટલાક નસીબદાર માણસોને એવી સમર્થ વ્યક્તિઓનો ભેટો પણ થઈ જાય છે કે જેઓ તેમને આ વિષયમાં માર્ગ બતાવી શકે છે અને એ માર્ગે આગળ ધપવામાં જોઈતી સહાય પણ આપી શકે છે. આમ હોવા છતાં મોટા ભાગે સ્થિતિ એવી છે કે આ દિશામાં વ્યક્તિએ પોતાની જાતે જ આરંભ કરવાનો રહે છે. આ તત્ત્વની પ્રાપ્તિનું કામ એ વ્યક્તિનું પોતાનું જ કામ રહે છે. આ ધ્યેયને સિદ્ધ કરવા માટે વ્યક્તિએ પોતે એક મહાન નિશ્ચય કરવાનો રહે છે, એક પ્રબળ સંકલ્પશક્તિ કેળવવાની રહે છે, અને એક અખૂટ ખંતથી તેમાં મચ્યા રહેવાનું રહે છે. આમ, આપણે કહી શકીએ કે આ વિષયમાં દરેક વ્યક્તિએ પોતાની આગવી મુશ્કેલીઓમાંથી પોતાનો આગવો માર્ગ રચી લેવાનો રહે છે. આ ધ્યેય શું છે એ વાત તો થોડીઘણી સર્વને સુવિદિત છે. આ ધ્યેય સિદ્ધિ કરનારા પુરુષોમાંથી ઘણાખરાઓએ એ વસ્તુને ઘણું ખરું સ્પષ્ટ રીતે કહી બતાવી પણ છે પરંતુ આ ધ્યેયને સિદ્ધ કરવાનો પરમ આનંદ તો એમાં છે કે એ સાધના વ્યક્તિ પોતે જ શરૂ કરે, એ સાધના આપોઆપ જ શરૂ થાય, અને તે સાચા દિલથી શરૂ થાય. અને આ વસ્તુ એવી છે કે જેને કોઈ પણ રીતના સામાન્ય માનસિક નિયમોની અંદર બાંધી શકાય નહિ. અને તેથી આ બાબતમાં એવું બને છે કે જે કોઈને આ સાહસ ખેડવાનું મન થાય છે તે સામાન્ય રીતે પ્રથમ તો એવા કોઈ પુરુષને ખોજી લે છે કે જેણે આ સાહસ સફળ રીતે સિદ્ધ કર્યું હોય, અને જે તેને સહાય આપી શકે તેમ હોય તથા માર્ગ બતાવી શકે તેમ હોય. આમ છતાં આ વિષયમાં કેટલાય એકલપંથી, એકલરામ પ્રવાસીઓ પણ હોવાના અને તેવાઓને માટે ઉપયોગી નીવડે તેવાં થોડાંક સર્વસામાન્ય સૂચનો અહીં આપીશું.

આ વિષયમાં પ્રથમ તો તમારે તમારી પોતાની અંદર એક એવું તત્ત્વ શોધવાનું છે જે તમારા શરીરથી, તમારા જીવનની પરિસ્થિતિમાંથી તદ્દન સ્વતંત્ર જ છે. એ તત્ત્વ, તમારા મનને જે ઘાટ મળેલો છે તેમાંથી કાંઈ જન્મતું નથી. તમે જે ભાષા બોલો છો, તમારી આસપાસના વાતાવરણમાં જે રૂઢિઓ અને રિવાજો હોય છે, તમે જે દેશમાં જન્મ્યા હો છો, તમે જે યુગમાં આવેલા હો છો તે બધાથી તે એક નિરાળું સ્વતંત્ર તત્ત્વ છે. એ તત્ત્વ કંઈ આ બધામાંથી જન્મતું નથી. તમારી અંદર, તમારા સ્વરૂપની અંદર ઊંડે ઊંડે

એક એવું તત્ત્વ આવેલું છે કે જે વિશ્વરૂપતાથી ભરેલું હોય છે, જેના વિસ્તારને કશી મર્યાદા હોતી નથી. અને જેનું સાતત્ય અખંડ અને નિરવધિ રીતે ચાલ્યા કરતું હોય છે. એ તત્ત્વને તમારે શોધી લેવાનું રહે છે. આ તત્ત્વ પ્રાપ્ત કર્યા પછી તમે હવે તમારી જાતને તમારા કેન્દ્રમાંથી બહાર ફેલાવવાનું કાર્ય શરૂ કરો, તમારી જાતનો તમે વિસ્તાર કરતા થાઓ, તેને વિશાળ કરતાં થાઓ. એમ કરતાં તમે હરેક વસ્તુની અંદર, સર્વ પ્રાણીઓની અંદર નિવાસ કરવા લાગશો, વ્યક્તિઓને એકબીજાથી છૂટા પાડી રહેલી દીવાલો હવે તૂટવા લાગશો. તેમનાં સંવેદનો ધબકારામાં ધબકવા લાગશો, તેમની લાગણીઓને તમે અનુભવવા લાગશો, તમે અન્ય લોકોના ચિત્તમાં પ્રવેશી તેમના ચિત્તની અંદર વિચાર કરવા લાગશે, તમે સર્વના જીવનમાં જીવતા લઈ જશો. અત્યાર સુધી જે કોઈ વસ્તુ નિષ્ક્રિય દેખાતી હતી તે હવે એકાએક જીવનથી સભર બની જાય છે, પથ્થરોમાં પ્રાણ પ્રગટવા લાગે છે, વનસ્પતિ હવે સંવેદન ઝીલતી બને છે, તેનામાં સંકલ્પ જાગે છે, તે વ્યથા અને હર્ષ અનુભવવા લાગે છે. પ્રાણીઓ હવે બોલવા લાગે છે. એમની વાણી એ ઘણુખરું મૌનની વાચા હોય છે તોપણ તે સ્પષ્ટ હોય છે, પોતાને કહેવાનું કહી શકતી હોય છે. હવે હરેક વસ્તુ સ્થલ અને કાલથી મુક્ત અને પર એવી એક અદ્‌ભુત ચેતનાથી ધબકવા લાગે છે. અંતરાત્માના સાક્ષાત્કારની આ તો માત્ર એક જ બાજુ છે. એ સાક્ષાત્કારનાં આ સિવાય પણ બીજાં ઘણાં સ્વરૂપો છે. આ બધા સાક્ષાત્કારો તમને તમારા અહંકારના વાડામાંથી ખેંચીને બહાર લઈ જશે, તમારા બાહ્ય વ્યક્તિત્વની દીવાલોમાંથી તમને બહાર લઈ જશે. તમારા આઘાત પ્રત્યાઘાતોમાં રહેલી નિર્બળતાને, તમારા સંકલ્પમાં રહેલી અશક્તિને તે નિવારી આપશે.

પરંતુ હું જણાવી ગઈ છું કે આ સાક્ષાત્કારમાં પહોંચવાનો માર્ગ લાંબો છે, વિકટ છે. એ માર્ગ ઉપર અનેક ફંદાઓ, અનેક પ્રશ્નો પડેલા છે. એ બધાને પહોંચી વળવા માટે તમારે હરેક કસોટી અને પરીક્ષામાં ટકી શકે તેવા નિશ્ચય-બળની જરૂર રહેશે. કોઈ અજાણ્યા મુલકની શોધ માટે કોઈ સાહસિક પ્રવાસી ગાઢ જંગલોને વીંધતો વીંધતો પ્રવાસ ખેડે, કોઈ મહાન પ્રદેશની શોધ આરંભે તેના જેવું આ છે. અંતરાત્માને પ્રાપ્ત કરવો એ પણ એક આવી જ મહાન શોધ આદરવા જેવું છે. નવા ખંડોની શોધખોળ માટે જે ધીરજ અને સહનશક્તિની જરૂર પડે છે તેવી જ ધીરજ અને સહનશક્તિ અહીં પણ જરૂરનાં છે. આ શોધ આદરવાનો જેમણે નિશ્ચય કર્યો હશે તેવા પ્રવાસીઓ માટે સલાહના શબ્દો ઉપયોગી નીવડશે. આ રહ્યા એ થોડાક શબ્દો.

તમારે પ્રથમ તો એ યાદ રાખવાનું છે કે આધ્યાત્મિક વસ્તુઓનો નિર્ણય તમે મન દ્વારા કદી પણ કરી શકવાના નથી. એ એક અશક્ય વસ્તુ છે, અને આ મુદ્દો તમારે કદી પણ ભૂલવાનો નથી. જેમણે જેમણે યોગ વિષે કંઈ લખ્યું છે તે સૌએ આ વસ્તુ કહેલી છે. પરંતુ આનો અમલ બહુ થોડાકે જ કર્યો છે. તેમ છતાં, તમારે આ માર્ગમાં આગળ વધવું હશે તો તમે કોઈ પણ પ્રકારનો માનસિક નિર્ણય ન લો, માનસિક અભિપ્રાય ન બાંધો, અને મનોમય રીતનો પ્રત્યાઘાત ન સેવો એ અત્યંત આવશ્યક છે.

તમારા અંગત આરામ માટેની, અંગત ઈચ્છાની તૃપ્તિની, આનંદવિનોદની કે સુખોપભોગની હરેક રીતની ઝંખના તજી દો. તમારી ઝંખના માત્ર એક જ હોવી જોઈએ : પ્રગતિ. એ ઝંખનાનો અગ્નિ તમારા અણુએ અણુમાં સળગી ઊઠવો જોઈએ. તમને જે કાંઈ વસ્તુ મળી આવે તેને તમારી પ્રગતિમાં એક મદદ તરીકે ગણી લો અને તમારે કરવાની પ્રગતિ એકદમ કરી લો.

તમે જે કાંઈ કરતા હો તે બધામાં આનંદ લેવાનો પ્રયત્ન કરો, પરંતુ કોઈપણ ચીજ આનંદને ખાતર ન કરશો. કદી પણ ઉશ્કેરાઈ ન જશો, ગભરાઈ ન જશો, મૂંઝાઈ ન જશો. હરકોઈ પરિસ્થિતિમાં, તમામ પરિસ્થિતિમાં સંપૂર્ણ શાંત રહો. અને છતાં હમેશાં જાગૃત રહી એ વસ્તુ જાણી લેજો કે તમારે હજી કેટલી પ્રગતિ કરવાની છે અને એ પ્રગતિ કરી લેવામાં લેશ પણ વખત ગુમાવશો નહિ.

બાહ્ય બનાવોને તે દેખાય છે તે રીતના કદી સમજશો નહિ. એ બનાવો તો કોઈ એક બીજી વસ્તુને જ પ્રગટ કરવા માટેના એક કઢંગા પ્રયત્ન જેવા હમેશાં હોય છે. એનું પાછળનું સત્ય કાંઈ જુદું જ હોય છે અને તમારી ઉપરછલ્લી સમજશક્તિની પકડમાં ભાગ્યે જ આવે છે.

કોઈના પણ વર્તન વિષે કદી પણ ફરિયાદ ન કરશો. એ માણસની પ્રકૃતિ જે કારણે આ પ્રમાણે વર્તન કરતી હોય છે તે વસ્તુને બદલી શકવાની તમારામાં શક્તિ હોય તો જ ફરિયાદ કરવી. અને જો તમારામાં એવી શક્તિ હોય તો તો પછી એ ફરિયાદ કરવાને બદલે એ માણસને જ બદલી નાખો.

તમે ગમે તે કામ કરો, પરંતુ તમારી સમક્ષ તમે જે લક્ષ્ય રાખેલું છે તે કદી ન ભૂલશો. તમે આ જે મહાન શોધ હાથ ધરી છે તેની સાધનાની અંદર કોઈ પણ વસ્તુ મોટી નથી કે નાની નથી. એમાં હરેક વસ્તુ એકસરખા મહત્ત્વની છે. અને તમારી સાધનાની વિજય તરફની ગતિને તે વધારી શકે છે, યા તો ઘટાડી શકે છે. આ રીતે જોતાં તમે જ્યારે જમવા બેસો ત્યારે શરૂઆતમાં થોડીક ક્ષણો ધ્યાનમાં એકાગ્ર થજો અને એ રીતની અભીપ્સા કરજો કે તમે જે ખોરાક લેવાનો છે તેમાંથી તમારા શરીરને માટે જરૂરી એવી બધી સામગ્રી મળી રહે. એ ખોરાક તમારા મહાન ધ્યેયની સાધના માટે શરીરને એક નક્કર આધાર રૂપ બનાવી આપે અને એ સાધનામાં સતત ટકી રહેવાની તેમ જ અખંડ ખંતની શક્તિ તમને આપે.

તમે રાત્રે સૂવા જાઓ તે પહેલાં પણ થોડીક ક્ષણો તમે ધ્યાનમાં એકાગ્ર થજો અને એ રીતની અભીપ્સા કરજો કે તમારી નિદ્રા તમારા થાકેલા જ્ઞાનતંતુઓને પાછા તાજા કરી આપે, તમારા મગજને શાંતિ અને સ્વસ્થતા આપે, અને જાગૃત થયા પછી તમે પાછા નવી શક્તિથી સજ્જ બનીને તમારા મહાન ધ્યેય પ્રત્યેની તમારી યાત્રા ફરી પાછી શરૂ કરી શકો.

તમે કાંઈ પણ કર્મ કરો તે પહેલાં એકાગ્ર બનીને એ સંકલ્પ કરશો કે તમારું એ કર્મ તમારા મહાન ધ્યેય પ્રત્યેની તમારી કૂચની અંદર તમને મદદરૂપ થઈ પડે, અથવા તો એ આ કૂચમાં વિઘ્ન રૂપે તો ન જ થાય.

તમે કાંઈ પણ બોલો, તમારા મોંમાંથી શબ્દો બહાર આવે તે પહેલાં ઘડીભર એકાગ્ર થઈને તમે જે કાંઈ બોલવાના હો તે શબ્દોની જરા તપાસ કરી લેશો, અને તમારા મહાન ધ્યેયના માર્ગે પ્રગતિ કરવા માટે અત્યંત જરૂરના હોય, અને બીજી કોઈ પણ રીતે તમારી પ્રગતિને હાનિકારક ન હોય એટલા શબ્દો જ તમે બહાર આવવા દેશો.

ટૂંકમાં, તમારા જીવનનો હેતુ, તમારા જીવનનું લક્ષ્ય તમે કદી પણ વીસરશો નહિ. આ મહાન તત્ત્વની પ્રાપ્તિ માટેનો મહા સંકલ્પ, પ્રકાશના કોઈ મહા પક્ષી જેવો, તમારા ઉપર હમેશ ઘૂમતો રહેવો જોઈએ. તમે જે કાંઈ કરતા હો, તમે જે કોઈ અવસ્થામાં હો, તમારી સર્વ ક્રિયાઓ ઉપર એ ધ્યેયરૂપી મહા ગરુડ પોતાનો પડછાયો પાથરતો સદાયે ચક્કર લગાવતો રહેવો જોઈએ.

આમ તમારી સાધનામાં તમે અખંડ ખંતથી મચેલા રહેશો ત્યારે એક દિવસ તમારી અંદરનું દ્વાર એકાએક જ ખૂલી જશે અને તમે એક ઝળહળતા પ્રકાશમાં પહોંચી જશો. એ પ્રકાશમાં તમને અમૃતત્વની એક પાકી ખાતરીભરી અનુભૂતિ થશે. તમને એક એવી સઘન અનુભૂતિ મળશે કે તમે જગતમાં હમેશાં રહેલા છો અને હમેશાં રહેવાના છો. તમે જોશો કે જે નાશ પામે છે તે તો માત્ર બાહ્ય રૂપો જ હોય છે. તમારા સાચા વાસ્તવિક સ્વરૂપની સાથે સરખાવતાં આ રૂપો એ તો માત્ર વસ્રો જેવાં હોય છે, એ જ્યારે ઘસાઈ જાય છે ત્યારે તેને ફેંકી દેવાનાં જ હોય છે. આવી અનુભૂતિ થયા પછી તમે બંધન માત્રમાંથી મુક્ત બનીને ટટાર ઊભા રહેશો. અને હવે તમારી પ્રકૃતિએ તમારા ઉપર લાદેલી તેમ જ તમે વેઠેલી અને સહન કરેલી પરિસ્થિતિઓના બોજ હેઠળ કષ્ટપૂર્વક આગળ વધવાને બદલે, એ પરિસ્થિતિઓ હેઠળ કચડાઈ જવાની તમારી ઈચ્છા નહિ હોય તો, તમે તમારા ભાવિ વિષે સભાન બનીને, તમારા જીવનના સ્વામી બનીને સીધા અને દૃઢ પગલે આગળ વધી શકશો.

અને છતાં સ્થૂલની આ સર્વ ગુલામીમાંથી, હરેક પ્રકારની અંગત આસક્તિમાંથી તમને આ જે મુક્તિ મળે છે એમાં જ કાંઈ તમારી છેવટની સિદ્ધિ આવી જતી નથી. તમે પરમ સત્યના શિખરે પહોંચો તે પૂર્વે તમારે હજી બીજા પણ પગથિયાં સર કરવાનાં છે અને એ પગથિયાં પછી પણ બીજાં આગળનાં પગથિયાં હોઈ શકે છે, અને હોવાં પણ જોઈએ. એ પગથિયાં ભાવિનાં દ્વાર ખોલી આપશે. આ આગળનાં પગથિયાંની ચર્ચા હું જેને આધ્યાત્મિક કેલવણી કહું છું તેમાં હવે આવશે.

પરંતુ આ નવા પ્રદેશમાં આપણે પ્રવેશ કરીએ અને એના પ્રશ્નનો વિચાર વિગતપૂર્વક હાથ લઈએ તે પહેલાં એક ખુલાસો કરી લેવો જરૂરી છે. આપણે અત્યાર સુધી આ જે અંતરાત્માની કેળવણીનો વિચાર કર્યો અને હવે જે આધ્યાત્મિક કેળવણીના વિચાર કરીશું તે બે વચ્ચે ભેદ શા માટે કરવામાં આવે છે ? સામાન્ય રીતે તો આ બેય વસ્તુઓને 'યોગ' ના એક સામાન્ય નામ હેઠળ જ ભેગી કરી દેવામાં આવે છે. પરંતુ આ બેના લક્ષ્યની વચ્ચે ઘણો ફેર રહેલો છે. અંતરાત્માની કેળવણી એ પૃથ્વી ઉપર જ એક અતિ ઉચ્ચ સાક્ષાત્કારને સિદ્ધ કરવા માગે છે, તો આધ્યાત્મિક કેળવણી પૃથ્વી ઉપરના સર્વ આવિર્ભાવમાંથી કહો કે, સારાયે વિશ્વમાંથી છૂટીને દૂર દૂર ચાલી જવા માગે છે. એને તો આ વ્યક્ત જગતમાંથી છૂટી પાછા અવ્યક્ત તત્ત્વમાં પહોંચવું હોય છે. આ રીતે આપણે કહી શકીએ કે અંતરાત્માનું જીવન એ અમૃતત્ત્વનું જીવન છે, અનંત એવા કાલ અને અવકાશની અંદર, તે સદાયે પરિવર્તન પામતું પામતું આગળ વધે છે, અને રૂપોની આ સૃષ્ટિની અંદર પોતાનું એક અખંડ સાતત્ય ટકાવી રાખે છે. આથી ઊલટું, આધ્યાત્મિક જીવન કાલ અને સ્થલથી પર ચાલી જવા માગે છે, પોતાની જાતને તે સારીયે સૃષ્ટિમાંથી બહાર ખેંચી લઈ તે અનંત અને શાશ્વત એવા તત્ત્વમાં પોતાને સ્થિત કરી લે છે. તમારા અંતરાત્માનો પૂર્ણ સાક્ષાત્કાર કરવા માટે, અંતરાત્માના જીવનમાં પહોંચવા માટે તમારે તમારી અંદરના સર્વ સ્વાર્થભાવનો નાશ કરી નાખવાનો રહે છે, જ્યારે આધ્યાત્મિક જીવનમાં પહોંચવા માટે સ્વથી કેવળ પર થઈ જવાનું રહે છે.

આધ્યાત્મિક કેળવણીમાં પણ એવું બને છે કે, તમે જે પરિસ્થિતિમાં મોટા થયા હશો, તમે જે માર્ગનો આશ્રય લીધો હશે, તેમ જ તમારા સ્વભાવને જે વસ્તુઓ અનુકૂળ હશે તે મુજબ તમે તમારા લક્ષ્યને તમારા મન દ્વારા તેને સમજવા માટે, જુદાં જુદાં નામો આપશો. તમારામાં જો ધાર્મિક રીતનું વલણ હશે તો આ લક્ષ્યને તમે પ્રભુના નામે ઓળખાવશો. તમારી આધ્યાત્મિક સાધના જગતના પ્રત્યેક રૂપમાં વસતા

અંતર્યામી પરમાત્માના સાક્ષાત્કાર તરફ નહિ વળશે, પણ તમે સર્વ રૂપોથી પર આવેલા વિશ્વાતીત પરમાત્મા સાથે તાદાત્મ્ય મેળવવા પ્રયત્ન કરશો. કોઈ બીજા લોકો આ લક્ષ્યને કેવળ બ્રહ્મ, પરમ આદ્ય તત્ત્વ એવું નામ આપશે, તો બીજા કોઈ વળી તેને નિર્વાણ કહીને ઊભા રહેશે. આ જગતને મિથ્યા આભાસ તરીકે વર્ણવતા વેદાંતીઓ આ તત્ત્વને જ જગતનું એકમાત્ર સત્ય ગણશે. આખું વિશ્વ કેવળ અસત્ય છે એમને માનનારા લોકો એને જ એકમાત્ર લક્ષ્ય તરીકે વર્ણવશે. આ દરેક વ્યાખ્યામાં સત્યનો કંઈ ને કંઈ અંશ તો રહેલો છે જ, પરંતુ એ બધી વ્યાખ્યાઓ અધૂરી છે, સત્યનું તેમાં માત્ર એક જ પાસું આવે છે. આ વિષયમાં પણ માનવમનને રચેલી વિચારશ્રેણીને કાંઈ બહુ મહત્ત્વ રહેતું નથી. એ મૂળ તત્ત્વ પહોંચવાનાં આ વચલાં પગથિયાં એક વાર વટાવી ગયા પછી સૌને હમેશાં એક જ પ્રકારની અનુભૂતિ થવાની.

આમ આ લક્ષ્યને તમે ભલે ગમે તે રીતનું નામ આપો, પરંતુ હરેક સાધકે આ વિષયની સાધનાનો આરંભ આત્મસમર્પણથી કરવાનો રહે છે. તમારા લક્ષ્યે પહોંચવા માટેનું પ્રસ્થાનબિંદુ તે આ જ છે, તેમ જ તમારું લક્ષ્ય સાધવા માટેની સૌથી વધુ અસરકારક અને ઝડપી પદ્ધતિ પણ આ જ છે – આત્મસમર્પણ. વળી એ પણ એક હકીકત છે કે તમારી કલ્પનાએ પોતાનું જે ઉચ્ચમાં ઉચ્ચ ધ્યેય નક્કી કર્યું હોય – કેટલાકની બાબતમાં આ ધ્યેય પ્રભુ વિષેના એક વિચારનું રૂપ લે છે તો કેટલાકને માટે તે પૂર્ણતાની એક કલ્પના બની રહે છે – તેને તમે તમારું પૂર્ણ આત્મ-સમર્પણ કરો તેમાં રહેલા આનંદ જેવો પૂર્ણ આનંદ પણ જગતમાં બીજો કોઈ નથી. આ સમર્પણ જો એક અખંડ ઉત્સાહપૂર્વક અને સતત રીતે ચાલુ રહેશે તો પછી એક ક્ષણ એવી આવશે કે જ્યારે તમે, તમે પોતે બાંધેલાં આ વિચારથી ઉપર ચાલ્યા જઈને એક તાત્ત્વિક અનુભૂતિમાં પહોંચશો. એ અનુભૂતિ જો કે શબ્દોથી તો વર્ણવી શકાય તેવી નથી, તોપણ તેનાથી સાધકો ઉપર જે અસર પડે છે તે હમેશાં લગભગ એકસરખી જ હોય છે. તમારું સમર્પણ જેમ જેમ વધુ સંપૂર્ણ, વધુ સમગ્ર થતું જશે, તેમ તેમ તમારા સમર્પણના આ પરમ આરાધ્ય તત્ત્વ સાથે એકરૂપ થવા માટે, તેમાં સંપૂર્ણપણે ઓગળી જવા માટે તમારામાં અભીપ્સા જાગવા લાગશે. એ અભીપ્સા ધીરે ધીરે હરેક પ્રકારના ભેદોને, હરેક પ્રકારનાં વિઘ્નોને જીતી લેશે. અને એ અભીપ્સામાં જો વળી એક આપોઆપ જન્મતો તીવ્ર પ્રેમભાવ ઉમેરાયો હશે તો તો પછી તમારી સાધના સંપૂર્ણ રીતે અવશ્ય સફળ થશે. એની વિજયકૂચને કોઈ પણ રોકી શકશે નહિ.

આ રીતની આધ્યાત્મિક પ્રકારની એકરૂપતા અને અંતરાત્મા સાથેની એકરૂપતા એ બે વચ્ચે એક ખૂબ જ પાયાનો તફાવત રહેલો છે. અંતરાત્મા સાથેનું તાદાત્મ્ય તમે વધુ ને વધુ સ્થાયી પ્રકારનું બનાવી શકો છો, અને અમુક વ્યક્તિઓની બાબતમાં તો એ તાદાત્મ્ય સંપૂર્ણ રીતે કાયમનું થઈ રહે છે. આ તાદાત્મ્યનો સાક્ષાત્કાર કરનાર વ્યક્તિ પછી ગમે તે બાહ્ય પ્રવૃત્તિઓમાં રોકાયેલી રહે તોપણ એ તાદાત્મ્ય તેની પાસેથી કદી ચાલ્યું જતું નથી. અર્થાત્, આ તાદાત્મ્ય માણસને માત્ર ધ્યાનમાં કે એકાગ્રતાની અવસ્થામાં પ્રાપ્ત થાય છે એટલું જ નહિ પણ એની અસર જીવનની અંદર હરેક ક્ષણે, જાગૃત એમ જ નિદ્રાવસ્થામાં પણ અનુભવી શકાય છે.

આધ્યાત્મિક પ્રકારની એકરૂપતામાં આથી ઊલટું બને છે. તમે સર્વ પ્રકારના રૂપમાંથી મુક્ત થઈ જાઓ છો, અને રૂપથી પર રહેલા તત્ત્વ સાથે એકરૂપ થઈ જાઓ એ સ્થિતિ તેના પૂર્ણ સ્વરૂપે લાંબો વખત ટકી શકતી નથી. કારણ કે રૂપથી પર એવા તત્ત્વ સાથે એકરૂપતા સધાતાં સ્થૂલ રૂપ આપોઆપ જ વિસર્જન પામી જાય છે. કેટલીક સાધનાઓમાં એવી માન્યતા છે કે આ રીતનું પૂર્ણ તાદાત્મ્ય થઈ ગયા પછી વીસ

દિવસની અંદર જ માણસનો દેહ પડી જાય છે. પરંતુ આમ થવું જ જોઈએ એમ નથી. આ રીતના તાદાત્મ્યનો અનુભવ માનો કે થોડો વખત જ રહેતો તોપણ તેને લીધે ચેતનાની અંદર એવાં તો પરિણામો આવે છે જે કદી લુપ્ત થતાં નથી તેમ જ વ્યક્તિના સ્વરૂપની આંતર તેમ જ બાહ્ય પ્રકારની સર્વ ભૂમિકાઓ ઉપર તેની અસર થાય છે. વળી, આવી રીતનું તાદાત્મ્ય એક વાર થઈ આવ્યા પછી, એ અનુભવ તમે જ્યારે ઈચ્છો ત્યારે પાછો ફરીથી મેળવી પણ શકો છો. એ માટે માત્ર તમારી પાસે એવું જ્ઞાન હોવું જોઈએ કે જે વડે તમે તમારી જાતને બરાબર એ જ અવસ્થામાં પાછી મૂકી શકો.

જગતમાં એવા માણસો છે કે જેમને આ જગત પ્રત્યે કશું જ આકર્ષણ રહેલું નથી હોતું, એમાંથી તેઓ ચાલ્યા જવા માગતા હોય છે. એવા લોકોને માટે આ રીતે અરૂપ તત્ત્વની અંદર પોતાનો લય કરી દેવો એ ઉત્તમોત્તમ પ્રકારની મુક્તિ બની રહે છે. આવી વ્યક્તિઓને જગતના વર્તમાન સ્વરૂપથી સંતોષ ન થતો હોય તો તેમાં કશું આશ્ચર્ય નથી. પરંતુ જગતમાં બીજા પણ એવા માણસો છે જેમને આ પ્રકારની મુક્તિથી પણ સંતોષ થતો નથી. તેઓ જુએ છે કે વ્યક્તિ પોતે મુકત થઈ જાય છે છતાં આ જગત તો જેવું ને તેવું જ રહે છે. જે પરિસ્થિતિના બોજ હેઠળ લોકો રિબાઈ રહેલા છે તેના ઉપર આ લોકોની મુક્તિને લીધે કશી જ અસર નથી પડતી. અને એ જોઈને તેઓ કહે છે કે આ મુક્તિનો જે આનંદ અમારે એકલાએ જ માણવાનો રહે છે તે આનંદ અમારે ખપતો નથી. આ જગતની બહારથી દેખાતી અંધાધૂંધી તેમ જ સર્વવ્યાપી વેદનાની પાછળ અનેક ભવ્ય તત્ત્વો છુપાઈને રહેલાં છે. અને એ મહા તત્ત્વોને ધારણ કરી શકે તેવું એક નવું જગત બને તેનાં સ્વપ્ન તેઓ સેવતા હોય છે. તેમની ભાવના હોય છે કે તેમને પોતાની આંતર અનુભૂતિઓમાં જે અદ્ભુત વસ્તુઓ લાધેલી છે તેનો લાભ બીજાઓને પણ મળે. આવા પુરુષો પોતાની સાધનાના અંતિમ શિખરે જ્યારે પહોંચ્યા હોય છે, ત્યારે પોતાની આ ભાવનાને, પોતાના આ સ્વપ્નને સિદ્ધ કરવાનાં સાધનો પણ તેમના હાથમાં મળી આવેલાં હોય છે.

રૂપોની સૃષ્ટિને પેલે પાર એક નવી શક્તિ આવી રહેલી છે. પૃથ્વી ઉપર હજી નહિ પ્રટેલી એક ચેતનાની શક્તિ આવેલી છે. એ શક્તિને આપણે આમંત્રી શકીએ છીએ. એક શક્તિ અહીં પ્રગટ થઈને જગતના પ્રવાહને બદલી નાખી શકશે અને એક નવા જગતને અહીં જન્મ આપી શકશે. જગતમાં રહેલી વેદના, અજ્ઞાન અને મૃત્યુના પ્રશ્નનું સાચું નિરાકરણ એ નથી કે વ્યક્તિ પોતાનો આત્મ-વિલોપ સાધીને આ પૃથ્વીની વેદનામાંથી નાસી છૂટે અને અવ્યક્તની અંદર ભળી જાય. અથવા તો આખીયે સૃષ્ટિ પોતાની વેદનામાંથી છૂટવા માટે પોતાના સર્જનહારમાં સદાને માટે આખી ને આખી લય પામી જાય એ પણ આ પ્રશ્નનું ખરું નિરાકરણ નથી. આવી રીતનો લય એ એક શંકાસ્પદ નિરાકરણ છે. આ તો જગતનો રોગ મટાડવાને માટે જગતને પોતાને જ મારી નાખવા જેવું થાય છે. જગતના પ્રશ્નનું સાચું નિરાકરણ છે રૂપાંતર, જગતમાંના જડતત્ત્વની એક સંપૂર્ણ કાયાપલટ. પ્રકૃતિ પોતાની પૂર્ણતા પ્રત્યે આદરેલી ગતિમાં એક ઊંચી ને ઊંચી દિશામાં આરોહણ કરી રહેલી છે. એ આરોહણને જ આપણે હજી આગળ ને આગળ વધારવા જવાનું છે, પૃથ્વી ઉપર એક નવી માનવજાતિનું સર્જન કરવાનું છે. અને એ રીતે આ જગતનું રૂપાંતર, જડતત્ત્વની સંપૂર્ણ કાયાપલટ સાધી શકાશે. અત્યારના માનવ અને પશુની વચ્ચે વિકાસનો જે ફેર રહેલો છે તેવો જ ફેર આ ભાવિની નવી માનવજાતિ અને અત્યારના માનવની વચ્ચે હશે. એ નવી માનવજાતિ પૃથ્વી ઉપર એક નવી શક્તિ, ને એક નવી ચેતનાને, નવા બલને આવિર્ભાવ આપશે. આ ઘટના બનશે ત્યારે જગતમાં એક

નવી કેળવણીનો આરંભ થશે. એ કેળવણીને આપણે અતિમનસની કેળવણી કહી શકીશું. એ કેળવણીમાં એક સર્વશક્તિમાન ક્રિયાશક્તિ હશે, અને એ શક્તિ દ્વારા તે વ્યક્તિઓની ચેતના ઉપર કામ કરશે, એટલું જ નહિ, પણ વ્યક્તિઓ જે તત્ત્વની બનેલી છે તે તત્ત્વ ઉપર પણ તે કામ કરશે, માણસો જે પરિસ્થિતિની અંદર જીવી રહેલા છે તે પરિસ્થિતિ ઉપર પણ તે પોતાનું કાર્ય કરશે.

આપણે અત્યાર સુધી જે કેળવણીનો વિચાર કરી ગયા તેની ગતિ નીચેથી ઉપરની દિશા પ્રત્યે થાય છે. આપણા સ્વરૂપના જુદા જુદા ભાગો એક ઊર્ધ્વ આરોહણ સાધે છે. અતિમાનસ કેળવણી આથી ઊલટી રીતે કામ કરશે. તેની ગતિ ઉપરથી નીચે તરફ રહેશે. વ્યક્તિમાં રહેલાં જુદાં જુદાં સ્વરૂપો ઉપર તે પોતાનો પ્રભાવ એક પછી એક વિસ્તારતી જશે અને એમ કરતાં કરતાં તે વ્યક્તિની અંદરનું છેવટનું તત્ત્વ, સ્થૂલ શરીર ત્યાં સુધી પોતાનો પ્રભાવ સ્થાપિત કરશે. વ્યક્તિનું આ છેવટનું રૂપાંતર તો તેની અંદરનાં તત્ત્વો સારું એવું રૂપાંતર પામશે ત્યાર પછી જ આપણે દેખી શકાય તેવી રીતે સિદ્ધ થશે. એટલે અતિમનસ તત્ત્વની હાજરી અહીં આપણી વચ્ચે છે કે નહિ તેનો નિર્ણય સ્થૂલ દેખાવોને આધારે કરવા બેસવું એમાં ભૂલ થશે. સ્થૂલ શરીરનું રૂપાંતર તો સૌથી છેલ્લે થશે. શારીરિક જીવનની અંદર અતિમાનસ શક્તિનું કોઈ કાર્ય પ્રગટ રીતે જોઈ શકાય તે પૂર્વે વ્યક્તિની અંદર તે કેટલાયે વખતથી કાર્ય કરતી રહેલી હોય છે.

અર્થાત્ અતિમાનસની કેળવણી માનસ પ્રકૃતિનો ક્રમે ક્રમે વિકાસ સાધી આપશે, તેની ગૂઢ શક્તિઓને તે વધુ ને વધુ વૃદ્ધિ મેળવી આપશે, એટલું જ નહિ પણ તે પ્રકૃતિને પોતાને જ એક નવા રૂપે બદલી આપશે. વ્યક્તિના સારાયે સ્વરૂપનું તે રૂપાંતર કરી આપશે, પૃથ્વી ઉપરની જીવયોનિને તે માનવ કરતાંયે ઉપરની અને આગળની અતિમાનવની દિશામાં એક નવું આરોહણ સધાવી અપાશે અને એમ કરતાં કરતાં છેવટે પૃથ્વી ઉપર તે માનવની દિવ્ય જાતિનો આવિર્ભાવ કરશે.

**શ્રી માતાજી**

(અંતરાત્માની અને આધ્યાત્મિક કેળવણી; માતૃવાણી-૧૨)



# Psychic Education and Spiritual Education

## The Mother

**…Every human being carries hidden within him the possibility of a greater consciousness which goes beyond the bounds of his present life and enables him to share in a higher and a vaster life.** Indeed, in all exceptional beings it is always this consciousness that governs their lives and organises both the circumstances of their existence and their individual reaction to these circumstances. What the human mental consciousness does not know and cannot do, this consciousness knows and does. It is like a light that shines at the centre of the being, radiating through the thick coverings of the external consciousness. Some have a vague intimation of its presence; a good many children are under its influence, which shows itself very distinctly at times in their spontaneous actions and even in their words. Unfortunately, since parents most often do not know what it is and do not understand what is happening in their child, their reaction to these phenomena is not a good one and all their education consists in making the child as unconscious as possible in this domain and concentrating all his attention on external things, thus accustoming him to think that they are the only ones that matter. It is true that this concentration on external things is very useful, provided that it is done in the proper way. The three lines of education—physical, vital and mental—deal with that and could be defined as the means of building up the personality, raising the individual out of the amorphous subconscious mass and making him a well-defined self-conscious entity. With psychic education we come to the problem of the true motive of existence, the purpose of life on **earth, the discovery to which this life must**

**lead and the result of** that discovery: the consecration of the individual to his eternal principle. Normally this discovery is associated with a mystic feeling, a religious life, because it is mainly the religions that have concerned themselves with this aspect of life. But it need not necessarily be so: the mystic notion of God may be replaced by the more philosophical notion of truth and still the discovery will remain essentially the same, but the road leading to it may be taken even by the most intransigent positivist. For mental notions and ideas have only a very secondary importance in preparing one for the psychic life. The important thing is to live the experience; that carries with it its own reality and force apart from any theory that may precede or accompany or follow it, for most often theories are no more than explanations that one gives to oneself in order to have, more or less, the illusion of knowledge. Man clothes the ideal or the absolute he seeks to attain with different names according to the environment in which he is born and the education he has received. The experience is essentially the same, if it is sincere; it is only the words and phrases in which it is formulated that differ according to the belief and the mental education of the one who has the experience. All formulation is thus only an approximation that should be progressive and grow in precision as the experience itself becomes more and more precise and coordinated.Still, to sketch a general outline of psychic education, we must give some idea, however relative it may be, of what we mean by the psychic being. One could say, for example, that the creation of an individual being is the result of the projection, in time and space, of one of the countless possibilities latent in the supreme origin of all manifestation which, through the medium of the one and universal consciousness, takes concrete form in the law or the truth of an individual and so, by a progressive development, becomes his soul or psychic being.

I must emphasise that what is stated briefly here does not claim to be a complete exposition of the reality and does not **exhaust the subject—far from it. It is only a very summary** explanation for a practical purpose, to serve as a basis for the education which we intend to consider now.

It is through this psychic presence that the truth of an individual being comes into contact with him and the circumstances of his life. In most cases the presence acts, so to say, from behind the veil, unrecognised and unknown; but in some, it is perceptible and its action recognisable and even, in a very few, the presence becomes tangible and its action fully effective. These go forward in life with an assurance and a certitude all their own; they are masters of their destiny. It is for the purpose of obtaining this mastery and becoming conscious of the psychic presence that psychic education should be practised. But for that there is need of a special factor, the personal will. For till now, the discovery of the psychic being and identification with it have not been among the recognised subjects of education, and although one can find in special treatises useful and practical hints on the subject, and

although in exceptional cases one may have the good fortune of meeting someone who is capable of showing the way and giving the help that is needed to follow it, most often the attempt is left to one's own personal initiative. The discovery is a personal matter and a great determination, a strong will and an untiring perseverance are indispensable to reach the goal. Each one must, so to say, trace out his own path through his own difficulties.

- The goal is known to some extent, for most of those who have reached it have described it more or less clearly. But the supreme value of the discovery lies in its spontaneity, its ingenuousness, and that escapes all ordinary mental laws. And that is why anyone wanting to take up the adventure usually first seeks out some person who has successfully undertaken it and is able to sustain him and enlighten him on his way. Yet there are some solitary travellers and for them a few general indications may be useful.

- The starting-point is to seek in yourself that which is independent of the body and the circumstances of life, which is not born of the mental formation that you have been given, the language you speak, the habits and customs of the environment in which you live, the country where you are born or the age to which you belong. You must find, in the depths of your being, that which carries in it a sense of universality, limitless expansion, unbroken continuity. Then you decentralise, extend and widen yourself; you begin to live in all things and in all beings; the barriers separating individuals from each other break down.

- You think in their thoughts, vibrate in their sensations, feel in their feelings, live in the life of all. What seemed inert suddenly becomes full of life, stones quicken, plants feel and will and suffer, animals speak in a language more or less inarticulate, but clear and expressive; everything is animated by a marvellous consciousness without time or limit. And this is only one aspect of the psychic realisation; there are others, many others. All help you to go beyond the barriers of your egoism, the walls of your external personality, the impotence of your reactions and the incapacity of your will.

- But, as I have already said, the path to that realisation is long and difficult, strewn with snares and problems to be solved, which demand an unfailing determination. It is like the explorer's trek through virgin forest in quest of an unknown land, of some great discovery. The psychic being is also a great discovery which requires at least as

much fortitude and endurance as the discovery of new continents.A few simple words of advice may be useful to one who has resolved to undertake it.

- The first and perhaps the most important point is that the mind is incapable of judging spiritual things. All those who have written on this subject have said so; but very few are those who have put it into practice. And yet, in order to proceed on the path, it is absolutely indispensable to abstain from all mental opinion and reaction.

- Give up all personal seeking for comfort, satisfaction, enjoyment or happiness. Be only a burning fire for progress, take whatever comes to you as an aid to your progress and immediately make whatever progress is required.
- Try to take pleasure in all you do, but never do anything for the sake of pleasure. Never get excited, nervous or agitated. Remain perfectly calm in the face of all circumstances. And yet be always alert to discover what progress you still have to make and lose no time in making it.
- Never take physical happenings at their face value. They are always a clumsy attempt to express something else, the true thing which escapes our superficial understanding.

- Never complain of the behaviour of anyone, unless you have the power to change in his nature what makes him act in this way; and if you have the power, change him instead of complaining.

- Whatever you do, never forget the goal which you have set before you. There is nothing great or small once you have set out on this great discovery; all things are equally important and can either hasten or delay its success. Thus before you eat, concentrate a few seconds in the aspiration that the food you are about to eat may bring your body the substance it needs to serve as a solid basis for your effort towards the great discovery, and give it the energy for persistence and perseverance in the effort.

- Before you go to sleep, concentrate a few seconds in the aspiration that the sleep may restore your fatigued nerves, bring calm and quietness to your brain so that on waking you may, with renewed vigour, begin again your journey on the path of the great discovery.

- Before you act, concentrate in the will that your action may help or at least in no way hinder your march forward towards the great discovery.
- When you speak, before the words come out of your mouth, concentrate just long enough to check your words and allow only those that are absolutely necessary to pass, only those that are not in any way harmful to your progress on the path of the great discovery.

- To sum up, never forget the purpose and goal of your life. The will for the great discovery should be always there above you, above what you do and what you are, like a huge bird of light dominating all the movements of your being.

**Before the untiring persistence of your effort, an inner door will suddenly open and you will emerge into a dazzling splendour that will bring you the certitude of immortality, the concrete experience that you have always lived and always shall live, that external forms alone perish and that these forms are, in relation to what you are in reality, like clothes that are thrown away when worn out.Then you will stand erect, freed from all chains, and instead of advancing laboriously under the weight of circumstances imposed upon you by Nature, which you had to endure and bear if you did not want to be crushed by them, you will be able to walk on, straight and firm, conscious of your destiny, master of your life.**

And yet this release from all slavery to the flesh, this liberation from all personal attachment is not the supreme fulfilment.

There are other steps to climb before you reach the summit. And even these steps can and should be followed by others which will open the doors to the future. These following steps will form the object of what I call spiritual education.

But before we enter on this new stage and deal with the question in detail, an explanation is necessary. Why is a distinction made between the psychic education of which we have just spoken and the spiritual education of which we are about to speak now? Because the two are usually confused under the general term of "yogic discipline", although the goals they aim at are very different: for one it is a higher realisation upon earth, for the other an escape from all earthly manifestation, even from the whole universe, a return to the unmanifest.

So one can say that the psychic life is immortal life, endless time, limitless space, ever-progressive change, unbroken continuity in the universe of forms. The spiritual consciousness, on the other hand, means to live the infinite and the eternal, to be projected beyond all creation, beyond time and space. To become conscious of your psychic being and

to live a psychic life you must abolish all egoism; but to live a spiritual life you must no longer have an ego.

Here also, in spiritual education, the goal you set before you will assume, in the mind's formulation of it, different names according to the environment in which you have been brought up, the path you have followed and the affinities of your temperament.

Those who have a religious tendency will call it God and their spiritual effort will be towards identification with the transcendent God beyond all forms, as opposed to the immanent God dwelling in each form. Others will call it the Absolute, the Supreme Origin, others Nirvana; yet others, who view the world as an unreal illusion, will name it the Only Reality and to those who regard all manifestation as falsehood it will be the Sole Truth. And every one of these expressions contains an element of truth, but all are incomplete, expressing only one aspect of that which is. Here too, however, the mental formulation has no great importance and once you have passed through the intermediate stages, the experience is identical. In any case, the most effective starting-point, the swiftest method is total selfgiving.

Besides, no joy is more perfect than the joy of a total selfgiving to whatever is the summit of your conception: for some it is the notion of God, for others that of Perfection. If this selfgiving is made with persistence and ardour, a moment comes when you pass beyond the concept and arrive at an experience that escapes all description, but which is almost always identical in its effects. And as your self-giving becomes more and more perfect and integral, it will be accompanied by the aspiration for identification, a total fusion with That to which you have given yourself, and little by little this aspiration will overcome all differences and all resistances, especially if with the aspiration there is an intense and spontaneous love, for then nothing can stand in the way of its victorious drive.

There is an essential difference between this identification and the identification with the psychic being. The latter can be made more and more lasting and, in certain cases, it becomes permanent and never leaves the person who has realised it, whatever his outer activities may be. In other words, the identification is no longer realised only in meditation and concentration, but its effects are felt at every moment of one's life, in sleep as well as in waking.

On the other hand, liberation from all form and the identification with that which is beyond form cannot last in an absolute manner; for it would automatically bring about

the dissolution of the material form. Certain traditions say that this dissolution happens inevitably within twenty days of the total identification.

Yet it is not necessarily so; and even if the experience is only momentary, it produces in the consciousness results that are never obliterated and have repercussions on all states of the being, both internal and external. Moreover, once the identification has been realised, it can be renewed at will, provided that you know how to put yourself in the same conditions.

This merging into the formless is the supreme liberation sought by those who want to escape from an existence which no longer holds any attraction for them. It is not surprising that they are dissatisfied with the world in its present form.

But a liberation that leaves the world as it is and in no way affects the conditions of life from which others suffer, cannot satisfy those who refuse to enjoy a boon which they are the only ones, or almost the only ones, to possess, those who dream of a world more worthy of the splendours that lie hidden behind its apparent disorder and wide-spread misery. They dream of sharing with others the wonders they have discovered in their inner exploration. And the means to do so is within their reach, now that they have arrived at the summit of their ascent.

From beyond the frontiers of form a new force can be evoked, a power of consciousness which is as yet unexpressed and which, by its emergence, will be able to change the course of things and give birth to a new world. For the true solution to the problem of suffering, ignorance and death is not an individual escape from earthly miseries by self-annihilation into the unmanifest, nor a problematical collective flight from universal suffering by an integral and final return of the creation to its creator, thus curing the universe by abolishing it, but a transformation, a total transfiguration of matter brought about by the logical continuation of Nature's ascending march in her progress towards perfection, by the creation of a new species that will be to man what man is to the animal and that will manifest upon earth a new force, a new consciousness and a new power. And so will begin a new education which can be called the supramental education; it will, by its all-powerful action, work not only upon the consciousness of individual beings, but upon the very substance of which they are built and upon the environment in which they live.

In contrast with the types of education we have mentioned previously, which progress from below upwards by an ascending movement of the various parts of the being, the supramental education will progress from above downwards, its influence spreading from one state of being to another until at last the physical is reached. This last transformation will only occur visibly when the inner states of being have already been considerably transformed. It is therefore quite unreasonable to try to recognise the presence of the supramental by physical appearances.

For these will be the last to change and the supramental force can be at work in an individual long before anything of it becomes perceptible in his bodily life.

**To sum up, one can say that the supramental education will result no longer in a progressive formation of human nature and an increasing development of its latent faculties, but in a transformation of the nature itself, a transfiguration of the being in its entirety, a new ascent of the species above and beyond man towards superman, leading in the end to the appearance of a divine race upon earth.**

**The Mother**

CWM, 12; 30-38

Copyright: Sri Aurobindo Ashram, Pondicherry